# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

**મંડળની જાહેરાત ક્રમાંક: ૧૭૪/ ૨૦૧૮૧૯ - સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર**

**(ઓટોમોબાઇલ ગ્રુપ) સંબંધેની અગત્યની જાહેરાત**

૧. મંડળ દ્વારા સચિવાલયના શ્રમ અને રોજગાર વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા નિયામકશ્રી, રોજગાર અને તાલીમ હસ્તકના જુદા જુદા સંવર્ગોની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ ભરવા માટે તા. ૦૭/03/૨૦૧૯ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જા.ક્ર. ૧૬૭/૨૦૧૮૧૯ થી ૧૮૦/૨૦૧૮૧૯ પૈકી જા.ક્ર. ૧૭૪/૨૦૧૮૧૯- સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (ઓટોમોબાઇલ ગ્રુપ) સંવર્ગમાં સંબંધિત ખાતાના વડા નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગરના તા. ૧૬/૦૪/૨૦૧૯ ના પત્રથી કરેલ સ્પષ્ટતા મુજબ આ સંવર્ગની ભરવાની થતી જે કુલ ૩૦૦ જગ્યાઓ દર્શાવેલ છે. તે જગ્યાઓ આ ગૃપના ભરતી નિયમો મુજબ નિયત થયેલ ટ્રેડ પૈકી (૧) મિકેનીક (ટ્રેકટર) અને (૨) મિકેનીક ઓટો ઇલેકટ્રીકલ અને ઇલેકટ્રોનીકસ ટ્રેડ સિવાયના ટ્રેડની છે. પરંતુ જેનો નિર્દેશ માંગણીપત્રકમાં શરતચૂકથી તેઓ દ્વારા કરવાનો રહી ગયેલ હોવાથી આ ગૃપની જાહેરાતમાં શૈક્ષણિક લાયકાત અને તે મુજબના ઓન-લાઇન અરજીપત્રકના પ્રોગ્રામમાં (૧) મિકેનીક (ટ્રેકટર) અને (૨) મિકેનીક ઓટો ઇલેકટ્રીકલ અને ઇલેકટ્રોનીકસ ટ્રેડ નો નિર્દેશ કરવાનો રહેતો ન હતો. પરંતુ ખાતાના વડાએ તેઓની દરખાસ્તમાં તે મુજબનો સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોવાથી મંડળ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ વિગતવાર જાહેરાત અને અરજીપત્રકના પ્રોગ્રામમાં મિકેનીક ઓટો ઇલેકટ્રીકલ અને ઇલેકટ્રોનીકસ ટ્રેડ નો જે નિર્દેશ થયેલ છે. તે આ ગૃપની ભરવાની થતી જગ્યાઓના ટ્રેડને અનુરૂપ નથી. તેથી મિકેનીક ઓટો ઇલેકટ્રીકલ અને ઇલેકટ્રોનીકસના ટ્રેડને રદ ગણવાનો થાય છે. અર્થાત તે ટ્રેડની શૈક્ષણિક લાયકાત (ત્રણે વિકલ્પોમાં) માન્ય ગણી શકાશે નહિં. અને તેમ છતાં તેવા કોઇ ઉમેદવારે ઉમેદવારી નોંધાવેલ હોય તો તે માન્ય ગણાતી ન હોવાથી આગળની ભરતી પ્રક્રિયામાં આપમેળે સામેલ ન થવાની સલાહ આપવામાં આવે છે/ થવાનું રહેશે નહીં. અને તે મુજબ ઓન-લાઇન એપ્લીકેશનના

રજીસ્ટ્રેશનના પ્રોગ્રામમાં તે મુજબના ટ્રેડનું ફિલ્ડ રદ કરવામાં આવેલ છે.

૨. આ સંવર્ગની શૈક્ષણિક લાયકાતના કુલ ત્રણ વિકલ્પો પૈકી બીજા વિકલ્પમાં ઓટોમોબાઇલ એન્જીનિયરીંગ **અથવા** મિકેનીકલ એન્જીનિયરીંગ (ઓટોમોબાઇલના મુખ્ય વિષય સાથે) નો ત્રણ વર્ષનો ડિપ્લોમા **ધરાવતો હોવો જોઇશે. એ પ્રમાણેની જોગવાઇનો નિર્દેશ વિગતવાર જાહેરાતમાં કરવામાં આવેલ છે. ( વિગતવાર જાહેરાત પાન નં. ૧૫) પરંતુ ઓન-લાઇન અરજીપત્રકના પ્રોગ્રામમાં** ડિપ્લોમા ઇન મિકેનીકલ એન્જીનિયરીંગ ની સાથે "ઓટોમોબાઇલના મુખ્ય વિષય સાથે" એ મુજબનો નિર્દેશ થયેલ નથી. પરંતુ વિગતવાર જાહેરાતમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ હોવાથી તે મુજબની **Diploma in Mechanical Engineering (With Specialization in Automobile)** ની શૈક્ષણિક લાયકાત જ માન્ય ગણાશે. અને તે મુજબ ઓન-લાઇન અરજીપત્રકના ફિલ્ડમાં સુધારો કરવામાં આવેલ છે.

૩. મંડળ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક - ૧૭૪/૨૦૧૮૧૯ - સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઓટોમોબાઇલ ગ્રુપ) માં સંવર્ગનું નામ સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઓટોમોબાઇલ ગ્રુપ) દર્શાવવામાં આવેલ છે તેના બદલે "સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઓટોમોબાઇલ ગ્રુપ ( મિકેનીક (ટ્રેકટર) અને મિકેનીક ઓટો ઇલેકટ્રીકલ અને ઇલેકટ્રોનીકસ ટ્રેડ સિવાય )" એ પ્રમાણેનો સુધારો વાંચવાનો રહેશે.

ઉપર મુજબની વિગતો-સ્પષ્ટતાની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.



**સચિવ**

**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,**

**ગાંધીનગર**

**તારીખ :- ૧૬/૦૪/૨૦૧૯**

**સ્થળ :- ગાંધીનગર**